Series : X4YZW

SET ~ 4

Q.P. Code **10**

Roll No.

Candidates must write the Q.P. Code on the title page of the answer-book.

# ગુજરાતી

# GUJARATI

*સમય સીમા : 3 કલાક* | *કુલ અંક : 80*

*Time allowed : 3 hours* | *Maximum Marks : 80*

**નોંધ / NOTE**

(I) આ પ્રશ્નપત્રમાં **15** પાના છે તે તપાસી લેવું.

Please check that this question paper contains **15** printed pages.

(II) આ પ્રશ્નપત્રમાં **13** પ્રશ્નો છે તે તપાસી લેવું.

Please check that this question paper contains **13** questions..

(III) આ પ્રશ્નપત્રમાં જમણી બાજુએ આપેલો કોડ નંબર ઉમેદવારે પોતાની ઉત્તર-પુસ્તિકામાં અવશ્ય લખવાનો રહેશે.

Q.P. Code given on the right hand side of the question paper should be written on the title page of the answer-book by the candidate.

(IV) **પ્રશ્નનો ઉત્તર લખતા પહેલા ઉત્તર-પુસ્તિકામાં યથા સ્થાન પર પ્રશ્ન સિરિયલ નંબર અચૂક લખવો.**

**Please write down the serial number of the question in the answer-book at the given place before attempting it.**

(V) આ પ્રશ્નપત્ર વાંચવા માટે 15 મિનિટનો સમય ફાળવવામાં આવશે. 10.15 કલાકે પ્રશ્નપત્ર આપવામાં આવશે. 10.15 કલાકેથી 10.30 સુધી વિદ્યાર્થીઓ માત્ર આ પ્રશ્નપત્ર વાંચશે અને આ સમયમાં ઉત્તર-પુસ્તિકામાં કોઈ ઉત્તર લખવા નહીં.

15 minute time has been allotted to read this question paper. The question paper will be distributed at 10.15 a.m. From 10.15 a.m. to 10.30 a.m., the candidates will read the question paper only and will not write any answer on the answer-book during this period.

~

***General Instructions :***

*(i)* *This Question paper is divided into* ***2*** *Parts.*

*(ii)* *It has total* ***13*** *questions.*

*(iii)* *Advanced reading skill question no.* ***1*** *to* ***2****.*

*(iv)* *Literature question no.* ***3*** *to* ***5*** *and* ***7*** *to* ***10****.*

*(v)* *Applied Grammar question no.* ***6****.*

*(vi)* *Effective writing skill question no.* ***11*** *to* ***13****.*

***Attempt questions as per specific instructions.***

***Write question no. in Answer Book before attempting it.***

સામાન્ય સૂચનાઓ :

(i) આ પ્રશ્નપત્ર 2 વિભાગોમાં વર્ગીકૃત કરવામાં આવ્યું છે.

(ii) આ પ્રશ્નપત્રમાં કુલ 13 પ્રશ્નો છે.

(iii) એડવાન્સ રીડિંગ સ્કીલમાં 1 થી 2 પ્રશ્નો છે.

(iv) સાહિત્ય વિભાગમાં પ્ર. 3 થી 5 અને 7 થી 10 પ્રશ્નો છે.

(v) એપ્લાઈડ ગ્રામરમાં પ્રશ્ન નં. 6 છે.

(vi) ઈફિક્ટિવ રાઈટિંગ કૌશલ્યમાં પ્ર. 11 થી 13 છે.

**પ્રશ્નમાં આપેલી સૂચના મુજબ ઉત્તરો લખવા.**

**પ્રશ્નનો જવાબ લખતી વખતે પ્રશ્નક્રમાંક જરૂર લખો.**

~

## PART – A **(40)**

### (વસ્તુનિષ્ઠ પ્રશ્નો)

### (Advanced Reading Skill)

1. નીચેનો ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના એક-બે વાક્યોમાં ઉત્તર લખો : **5 × 1 = 5**

દેશપ્રેમ એ મહાન ગુણ છે. જે ધરતી પર આપણો જન્મ થયો છે, જે ધરતીએ આપણને જીવન જરૂરિયાતની બધી વસ્તુઓ પૂરી પાડી તે ધરતી માટે આપણા હૃદયમાં પ્રેમ તથા આદર હોય તે સ્વાભાવિક છે. વતનનું જતન કરવું તે આપણી પહેલી ફરજ છે. શિવાજી મહારાજના વફાદાર સરદાર તાનાજીએ પોતાના પુત્રનાં લગ્ન પડતાં મૂકીને સિંહગઢ પર આક્રમણ કરવાની તૈયારી બતાવતાં કહ્યું હતું, 'પહેલાં દેશ પછી ઘર' આઝાદીની લડાઈમાં આપણા અસંખ્ય દેશબાંધવોએ તન, મન અને ધનનું બલિદાન આપીને માભોમની સેવા કરી હતી. વિદ્યાર્થીઓ વિદ્યાભ્યાસ છોડીને આઝાદીની લડતમાં જોડાઈ ગયા હતા. ઉદ્યોગપતિઓએ સ્વાતંત્ર્ય – સંગ્રામ માટે પોતાનું ધન સમર્પી દીધું હતું. નેતાઓએ પોતાનું સર્વસ્વ દેશસેવામાં અર્પણ કરી દીધું હતું. જ્યારે સાહિત્યકારોએ દેશભક્તિનાં ગીતો રચીને દેશસેવાનું કાર્ય કર્યું હતું. આઝાદી પછી પણ ચીન અને પાકિસ્તાનના આક્રમણ વખતે ફરી આપણી દેશદાઝની કસોટી થઈ હતી. આપણા દેશવાસીઓએ તન, મન અને ધન રાષ્ટ્રને સમર્પિત કરીને પોતાની ફરજ અદા કરી હતી. દેશવાસીઓએ ભામાશાના દેશપ્રેમનું ઉદાહરણ નજર સમક્ષ રાખવું જોઈએ. પચીસ હજાર યોદ્ધાઓને બાર વર્ષ સુધી નભાવી શકાય એટલો મોટો અનાજનો ભંડાર ભામાશાએ રાણા પ્રતાપના ચરણે ધરી દીધો હતો. એટલું જ નહિ, ભામાશાએ વેપારીઓને ચેતવણી આપી હતી કે જે વેપારી અકબરના લશ્કરને શસ્ત્રસરંજામ પૂરો પાડશે તે ભામાશાના હાથે ધૂળ ચાટતો થઈ જશે. એ જ પ્રમાણે આપણે પણ જે વ્યક્તિ કાળાબજાર કરે છે, લાંચરુશવત લે છે, ભ્રષ્ટાચાર આદરે છે; ખાદ્યસામગ્રીમાં ભેળસેળ કરે છે, લાગવગના જોરે ખોટાં કામ કરાવે છે તે બધા જ દેશદ્રોહીઓને ખુલ્લા પાડવા જોઈએ. ખરેખર નાગરિકોની રાષ્ટ્રભાવના તથા દેશપ્રેમ જ રાષ્ટ્રની ઉન્નતિની આધારશીલા છે.

~

પ્રશ્નો :

I. આપણી પહેલી ફરજ કઈ છે ?

II. તાનાજી કોણ હતા ?

III. તાનાજીએ શું કહ્યું હતું ?

IV. સાહિત્યકારોએ કઈ રીતે દેશસેવાનું કાર્ય કર્યું હતું ?

V. ભામાશાએ વેપારીઓને શી ચેતવણી આપી હતી ?

2. નીચેનું કાવ્ય વાંચી, તેની નીચેના પ્રશ્નોના ઉત્તરનો સાચો વિકલ્પ શોધીને લખો : **$5 \times 1 = 5$**

નદીની રેતમાં રમતું નગર મળે ન મળે,
ફરી આ દશ્ય સ્મૃતિપટ ઉપર મળે ન મળે.
ભરી લો શ્વાસમાં એની સુગંધનો દરિયો,
પછી આ માટીની ભીની અસર મળે ન મળે.
પરિચિતોને ધરાઈને જોઈ લેવા દો,
આ હસતા ચહેરા; આ મીઠી નજર મળે ન મળે.
ભરી લો, આંખમાં રસ્તાઓ, બારીઓ, ભીંતો,
પછી આ શહેર, આ ગલીઓ, આ ઘર મળે ન મળે.
રડી લો, આજ સંબંધોને વીંટળાઈને અહીં,
પછી કોઈને કોઈની કબર મળે ન મળે.
વળાવા આવ્યા છે એ ચહેરા ફરશે આંખોમાં,
ભલે સફરમાં કોઈ હમસફર મળે ન મળે.
વતનની ધૂળથી માથું ભરી લઉં 'આદિલ',
અરે, આ ધૂળ પછી ઉમ્રભર મળે ન મળે.

**– આદિલ મન્સુરી**

~

પ્રશ્નો :

I. કવિએ નગરને કેવું કહ્યું છે ?

(A) ભીની માટીવાળું

(B) દરિયામાં ડૂબેલું

(C) વાંકાચૂકા રસ્તાઓવાળું

(D) નદીની રેતમાં રમતું

II. કવિ શ્વાસમાં શું ભરી લેવાનું કહે છે ?

(A) સુગંધનો દરિયો

(B) ગલીઓ અને ઘર

(C) ફૂલોની સુવાસ

(D) વતનની ધૂળ

III. કવિ રસ્તાઓ, બારીઓ અને ભીંતો ક્યાં ભરી લેવાનું કહે છે ?

(A) શ્વાસમાં

(B) આંખમાં

(C) સફરમાં

(D) વતનમાં

IV. કવિ કેવી રીતે રડી લેવાનું કહે છે ?

(A) સુગંધનો દરિયો જોઈને

(B) વતનની ધૂળ જોઈને

(C) સંબંધોને વીંટળાઈને

(D) સંબંધોને તરછોડીને

V. કવિ શેનાથી માથું ભરી લેવાનું કહે છે ?

(A) કબરોની રેતીથી

(B) વતનની ધૂળથી

(C) સુગંધના દરિયાથી

(D) ભીની માટીથી

~

## (Literature)

3. નીચેના પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો : (કોઈપણ પાંચ) **5 × 1 = 5**

I. કુસુમે માલણ જેવું જીવન જીવવાનું નક્કી કર્યું કારણ કે .........

(A) કુસુમે કુંવારા રહેવાનો નિર્ણય કર્યો હતો.

(B) કુસુમને માલણ બનવું હતું.

(C) કુસુમને પોતાનો પરિવાર ગમતો ન હતો.

(D) કુસુમને સુંદર સાથે અબોલા હતા.

II. અસભ્ય પોશાક પહેર્યાના તહોમત પર કોને અને ક્યાં પકડવામાં આવ્યા હતા ?

(A) ગાંધીજી – ન્યૂઝીલેન્ડ

(B) નારાયણ હેમચંદ્ર – દક્ષિણ આફ્રિકા

(C) સ્વામી વિવેકાનંદ – ગ્રેટ બ્રિટન

(D) નારાયણ હેમચંદ્ર – અમેરિકા

III. 'ક્રોધી સ્વભાવને .....' પદમાં ગંગાસતીએ માનવજાતને શેનો સંદેશ આપ્યો છે ?

(A) ક્રોધનો

(B) આળસનો

(C) આદર્શનો

(D) સંન્યાસનો

IV. 'હંકારી જા' કાવ્યનો સાહિત્યપ્રકાર જણાવો.

(A) ઊર્મિકાવ્ય

(B) સોનેટ

(C) લોકગીત

(D) ગઝલ

~

V. ‘અખાનો સંસારત્યાગ’ પાઠના લેખકનું નામ આપો.

(A) સુરેશ જોશી

(B) ચંદ્રવદન મહેતા

(C) ઈશ્વર પરમાર

(D) ઈશ્વર પેટલીકર

VI. ‘માડી, વેચી દો ને ઢોર. રહો નિરાંતે. નાણાંની ક્યાં આપદા છે તમારે ?’ ઉક્તિ કયા પાઠની છે ?

(A) થીંગડું

(B) ડાઘ

(C) ઢોરાં

(D) નારાયણ હેમચંદ્ર

4. નીચેનું કાવ્ય વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો : (કોઈપણ પાંચ) **5 × 1 = 5**

મને આ રસ્તાઓ જરીય ઠરવા દે ન, ઘરમાં
ઘૂસી આવે ક્યાંથી ઘર વગરના, ચોર; પકડી
લિયે હૈયું, મારા કર પકડીને જાય ઘસડી,
ન પૂરું સૂવા દે; સ્વપન મહીં આવે નજરમાં.
વીંટાયા છે કેવા પૃથિવી ફરતા લેઈ ભરડા !
નવા અક્ષાંશોની ઉપર નવ રેખાંશ – ગૂંથણી !
અરે, આ કૈં વાંકા ગલ જલધિનીરે જઈ પડ્યા ?
હલાવું આ બીજા તરુવિટપ શા, તો મધપૂડા
ઊડે વસ્તી કેરા ટીશી ટીશી રહે શી બણબણી !
મને આ પૃથ્વીની પ્રીત પણ અરે, એવી જ મળી:
રહે ના દીવાલો ભીતર ગૃહિણી શી ઘર કરી;
છતાં, હાવાં તો એ રખડું-શું હૈયું એવું હળ્યું કે
હું સ્વર્ગથીયે આ પૃથિવી પર પાછો ફરીશ હા;
– હજી કૈં કૈં રસ્તા મુજ પદની મુદ્રા વણ રહ્યા.

~

પ્રશ્નો :

I. કવિએ રસ્તાઓને કેવા કહ્યા છે ?

II. રસ્તાઓ કેવી રીતે પૃથિવી પર વીંટળાયેલા છે ?

III. કવિએ રસ્તાઓને ક્યાં જઈ પડ્યા એવું કહ્યું છે ?

IV. કવિ પોતાના હૈયાને કેવું ગણાવે છે ?

V. સ્વર્ગારોહણ પછી પણ કવિની શી ઈચ્છા પ્રબળ બની હતી ?

VI. દીવાલોની ભીતર કોણ ઘર કરીને રહે છે ?

5. નીચેનો ગદ્યખંડ વાંચી, તેની નીચેના પ્રશ્નોના **એક-બે** વાક્યોમાં ઉત્તર લખો : (કોઈપણ **પાંચ**) **5 × 1 = 5**

સ્થળ અને જળમાર્ગોની જેટલી રોચકતા છે તેટલી જ રોચકતા વેનિસના સ્થાપત્યની છે. આખું વેનિસ સ્થાપત્યકલાના અત્યંત સુંદર અને અદ્‌ભૂત નમૂનાથી ભરપૂર છે. એક જુઓ અને એક ભૂલો, એટલે જ રસ્કિન જેવા સ્થાપત્યકલાના ચાહક નિષ્ણાતે ત્યાં વર્ષો ગાળી વેનિસની આ કળા પર અભ્યાસપૂર્ણ ગ્રંથ લખ્યો છે. આપણે રસ્કિનને 'Unto this Last' થી વધારે ઓળખીએ છીએ. યુરોપ એને સ્થાપત્ય-કલાના સ્વામી તરીકે વિશેષ ઓળખે છે. જગતને ભૂલી ગયો હોય તેમ રસ્કિને વર્ષો વેનિસની સ્થાપત્યકલા પાછળ ગાળેલાં તેથી વેનિસ તેની પ્રિયતમા છે તેમ મજાક થતી. પણ રસ્કિન જ નહીં, અનેક સાહિત્યસ્વામીઓ વેનિસના ચાહક હતા અને અનેક સાહિત્યકૃતિઓ વેનિસમાં લખાઈ છે તેમ યુરોપ કહે છે.

ઈટાલિયન ભાષામાં ચોકને 'પીઆત્ઝા' કહે છે. વેનિસનો સુપ્રસિદ્ધ ચોક સાન માર્કો પીઆત્ઝા તરીકે ઓળખાય છે. અંગ્રેજીમાં સાન માર્કો સ્કવેર કહે છે. ગ્રાંડ કેનાલના બાંધેલા ઓવારાથી થોડા અંદરના ભાગમાં આ સુંદર પીઆત્ઝા છે. આખો ચોક મોટી સફેદ લાદીથી જડેલો છે. ફરતાં સરસ બાંધણીનાં મકાનો, જ્યાં દુકાનો-રેસ્ટોરાં બહાર રંગબેરંગી ખુરશી ટેબલની જમાવટ, સંગીતની મહેફિલ જામી હોય અને લોકો ચા, કૉફી, નાસ્તો, આઈસક્રીમની લિજ્જત માણતા હોય. જો કે ચા અહીં સારી ન મળે. ચા ઈંગ્લાંડની, કૉફી યુરોપની અને આઈસક્રીમ ઈટલી અને સ્વિટ્ઝરલેંડના. તેમાંય ઈટલીના આઈસક્રીમની તોલે કોઈ ન આવે. સ્વિટ્ઝરલેંડ મશહૂર ચોકલેટ માટે.

ચોકમાં વચ્ચે એક ઊંચો સ્તંભ છે. એની આસપાસ પુષ્કળ કબૂતરો આવે. બાળકોનું મોટું આકર્ષણ આ. ચણ નાખે, કબૂતરો નિર્ભયપણે આવે, ચણે. હાથમાંથી પણ ચણે. ખભે બેસે. યુરોપમાં પંખીઓ બહુ ઓછાં જોવા મળે.

~

પ્રશ્નો :

I. આખું વેનિસ શેનાથી ભરપૂર છે ?

II. રસ્કિન માટે કેવી મજાક થતી ? શા માટે ?

III. ઈટાલિયન ભાષામાં ચોકને શું કહે છે ? વેનિસનો સુપ્રસિદ્ધ ચોક કયો છે ?

IV. આ ચોકની ફરતે શું શું જોવા મળે છે ?

V. ચા, કૉફી, આઈસક્રીમ અને ચોકલેટ કયા-કયા દેશનાં વખાણાય છે ?

VI. ચોકની આસપાસ કબૂતરો શું કરતા જોવા મળે છે ?

## (Applied Grammar)

6. (A) સૂચના પ્રમાણે સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો : (કોઈપણ **પાંચ**) $5 \times 1 = 5$

I. 'ધતિંગ કરવાં' રૂઢિપ્રયોગનો સાચો અર્થ લખો.

(A) ઢોંગ કે બનાવટ કરવી (B) ગાંડા જેવા બની જવું

(C) સરસ તૈયાર થવું (D) તદ્દન સાચું કહેવું

II. 'મોહી જવું' રૂઢિપ્રયોગનો અર્થ આપો.

(A) મોહથી પર થવું (B) અનાસક્ત રહેવું

(C) આસક્ત થવું (D) મનમાં લેવું

III. નીચેનો રૂઢિપ્રયોગ અને તેના અર્થનું કયુ જોડકું યોગ્ય નથી ?

(A) બત્તી ન ફાટવી – જીભ અટકી જવી

(B) બત્તી ન ફાટવી – બોલી ન શકવું

(C) બત્તી ન ફાટવી – જીભ ન ઉપડવી

(D) બત્તી ન ફાટવી – બત્તી બગડી જવી

~

IV. નીચેનો રૂઢિપ્રયોગ અને તેના અર્થનું કયું જોડકું યોગ્ય છે ?

(A) લોહી ઉકાળા કરવા – જીવ જોખમમાં હોવો

(B) લોહી ઉકાળા કરવા – જીવ બાળવો

(C) લોહી ઉકાળા કરવા – ગુસ્સે થઈ જવું

(D) લોહી ઉકાળા કરવા – દુ:ખી થઈ જવું

V. 'પેંગડામાં પગ ઘાલવો' રૂઢિપ્રયોગ માટે નીચેનામાંથી કયો અર્થ બંધબેસતો નથી ?

(A) તુલના કરવી (B) દેખાદેખી કરવી

(C) સરખામણી કરવી (D) બરોબરી કરવી

VI. 'માલ ન હોવો' રૂઢિપ્રયોગનો સાચો અર્થ શોધીને લખો.

(A) પુષ્કળ પૈસા હોવા (B) વજૂદવાળા હોવું

(C) ખૂબ ધનવાન હોવું (D) વજૂદ વિનાનું હોવું

(B) સૂચના પ્રમાણે સાચો વિકલ્પ પસંદ કરીને ઉત્તર લખો : (કોઈપણ ત્રણ) **3 × 1 = 3**

I. નીચેનાં વાક્યોમાંથી સંયોજકવાળું વાક્ય શોધીને લખો :

(A) તમારે આ વાત એમનાથી છાની રાખવાની છે.

(B) સવારે અમે જાગ્યા ત્યારે સૂરજ ઊગ્યો હતો.

(C) મારા મામા સંગીત પાછળ પાગલ હતા.

(D) પ્રભાશંકરનું ધ્યાન મનુની બાજુ ગયું.

II. નીચેનાં વાક્યોમાંથી સંયોજક વગરનું વાક્ય શોધીને લખો :

(A) સોનું ઘડ્યું ત્યારે આ આળ આવ્યાં ને !

(B) જો હું મુંબઈ આવીશ તો તને મળવા ચોક્કસ આવીશ.

(C) એની માને દુ:ખ આવી પડ્યું એટલે એને સૂઝતું નથી.

(D) ચોમાસામાં ઉજમકાકી માંદાં પડ્યાં હતાં.

~

III. નીચેના વાક્યમાં યોગ્ય સંયોજક મૂકો :

સિપાઈઓ કહેતા હતા ______ કોઈની કાનભંભેરણી છે ______ છૂટીને આવશે.

(A) ત્યાંથી, પણ (B) છતાં, પરંતુ

(C) એટલે, અને (D) કે, એટલે

IV. નીચેના વાક્યમાં યોગ્ય સંયોજક મૂકો :

______ નિશાળ ન હોત ______ બધાના બાળપણનો કાળ સુખમાં ગયો હોત.

(A) કે, અને (B) જો, તો

(C) જ્યારે, ત્યારે (D) એટલે, અને

(C) સૂચના પ્રમાણે સાચો વિકલ્પ પસંદ કરીને ઉત્તર લખો : (કોઈપણ **ચાર**) **4 × 1 = 4**

I. નીચેનામાંથી લેખનરૂઢિ અને ભાષાશુદ્ધિની દૃષ્ટિએ સાચું વાક્ય લખો.

(A) મારા મમ્મીપપ્પા બજારમાં ગયા છે.

(B) મારા મમ્મી પપ્પા બજારમાં ગયાં છે.

(C) મારાં મમ્મી પપ્પા બજારમાં ગયાં છે.

(D) મારાં મમ્મી પપ્પા બજારમા ગયા છે.

II. નીચેનામાંથી લેખનરૂઢિ અને ભાષાશુદ્ધિની દૃષ્ટિએ સાચું વાક્ય લખો.

(A) સવિનય આપને હું આ હકીકત જણાવું છું.

(B) સવિનય સહિત આપને હું આ હકીકત જણાવું છું.

(C) સવિનય સહ આપને હું આ હકીકત જણાવું છું.

(D) સવિનય સાથે આપને હું આ હકીકત જણાવું છું.

III. નીચેનામાંથી પદક્રમ અને પદસંવાદની દૃષ્ટિએ કયું વાક્ય સાચું છે ?

(A) તે પાંચ વરસ જૂના આઈસક્રીમના વેપારી છે.

(B) તે જૂના પાંચ વરસના આઈસક્રીમના વેપારી છે.

(C) તે આઈસક્રીમના પાંચ વર્ષ જૂના વેપારી છે.

(D) તે પાંચ વરસ આઈસક્રીમના વેપારી જૂના છે.

~

IV. નીચેનામાંથી પદક્રમ અને પદ સંવાદની દૃષ્ટિએ સાચું વાક્ય લખો.

(A) તો દિવસ થયા ખીચડી ખાતાં આ બે-ત્રણ.

(B) ખીચડી દિવસ ખાતાં તો થયા બે-ત્રણ આ.

(C) આ ખીચડી ખાતાં તો બે-ત્રણ દિવસ થયા.

(D) આ થયા ખાતાં બે-ત્રણ ખીચડી દિવસ તો.

V. નીચેનામાંથી લેખનરૂઢિ અને ભાષાશુદ્ધિની દૃષ્ટિએ સાચું વાક્ય લખો.

(A) મને સરસ ડિશમાં ગરમ ગરમ ભજીયાં આપો.

(B) મને સરસ ગરમ ગરમ ડિશમાં ભજીયાં આપો.

(C) મને ગરમ ગરમ ડિશમાં સરસ ભજીયાં આપો.

(D) મને સરસ ભજીયાં ગરમ ગરમ ડિશમાં આપો.

(D) નીચેનાં વાક્યોના સૂચના પ્રમાણે કાળ ઓળખાવો : (કોઈપણ ત્રણ) **3 × 1 = 3**

I. નીચેના વાક્યોમાંથી પૂર્ણ વર્તમાનકાળનું વાક્ય શોધીને લખો.

(A) ગયા વર્ષે ટીના વર્ગમાં પ્રથમ આવી હતી.

(B) મીના આ વર્ષે બારમા ધોરણમાં આવશે.

(C) મારા મમ્મી પપ્પા અને ભાઈ મામાના ઘરે ગયાં છે.

(D) અમે બધા જન્માષ્ટમીના મેળામાં ગયા હતા.

II. નીચેનાં વાક્યોમાંથી ચાલુ વર્તમાનકાળનું વાક્ય લખો.

(A) વિદ્યાર્થીઓ વર્ગમાં ભણી રહ્યા છે.

(B) મારા મામા આવતીકાલે આવવાના છે.

(C) મારા પપ્પા રવિવારે પણ ઑફિસે ગયા હતા.

(D) કાર્યક્રમ શરૂ થાય એ પહેલાં જ અમે પહોંચી ગયા હતા.

~

III. નીચેનાં વાક્યોમાંથી પૂર્ણ ભૂતકાળનું વાક્ય શોધો.

(A) મારાં મમ્મી અને માસી રસોઈ બનાવી રહ્યાં છે.

(B) દાદાજીએ કહ્યું, 'અમારા બાળપણમાં આવી ટેકનોલોજી ન હતી.'

(C) આવતીકાલથી બાળકો પ્રવાસમાં જવાની તૈયારી કરશે.

(D) હું આજથી સત્યના પ્રયોગો પુસ્તક વાંચવાનો છું.

IV. નીચેનાં વાક્યોમાંથી સાદા ભવિષ્યકાળનું વાક્ય શોધો.

(A) સીતા અને ગીતા બગીચામાં રમી રહ્યાં છે.

(B) મગન આજે સાંજે મારા ઘરે આવ્યો હતો.

(C) વિદ્યાર્થીઓ પરીક્ષાકેન્દ્ર પર બોર્ડની પરીક્ષા આપી રહ્યા છે.

(D) આપણા ભાઈઓને બોલાવીને કાલે ભાગ વહેંચીશું.

## PART – B (40)

**(વર્ણનાત્મક પ્રશ્નો)**

**(Literature)**

7. નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો : (કોઈપણ ત્રણ) **$3 \times 2 = 6$**

I. ગંગાસતી અંતરમાં શું ધારણ કરવા જણાવે છે ? શા માટે ?

II. શબરીના ઉદાહરણ દ્વારા કવિ શું સમજાવે છે ?

III. કવિ કોની સ્મૃતિથી વિહ્વળ બને છે ? શા માટે ?

IV. 'મેળો આપો તો' કાવ્યના આધારે 'ટોળા વચ્ચે એકલતા' – સમજ સ્પષ્ટ કરો.

~

8. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો : (કોઈપણ **એક**) **1 × 3 = 3**

I. 'એક સરખા દિવસ .......' કાવ્યનો મર્મ તમારા શબ્દોમાં લખો.

II. વડલો પંખીઓને શું કહે છે ? પંખીઓ તેનો શો પ્રત્યુત્તર આપે છે ?

III. 'બેટા મને પાછી .......' કાવ્યમાં કવિ ગ્રામ અને નગર સંસ્કૃતિનો ભેદ કેવી રીતે પ્રગટાવે છે ? તે જણાવો.

9. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો : (કોઈપણ ત્રણ) **3 × 3 = 9**

I. 'થીગડું' વાર્તાના શીર્ષકની યોગ્યતા સ્પષ્ટ કરો.

II. આંબા ઉછેરની પૂંજા મેજરની લગની પાઠના આધારે વર્ણવો.

III. મહીજીએ દીકરાની નેકી અને મર્દાનગીની પરીક્ષા કઈ રીતે કરી ?

IV. સ્વતંત્ર વિચારક તરીકે સોક્રેટીસનું ચરિત્ર આલેખો.

V. 'ડાઘ' લઘુકથામાં પ્રગટતી સંવેદના આલેખો.

10. નીચે આપેલા સાહિત્યકારનો **દસ-બાર** વાક્યોમાં પરિચય કરાવો : (કોઈપણ **એક**) **1 × 4 = 4**

I. દલપતરામ

II. ગોવર્ધનરામ ત્રિપાઠી

## (Effective Writing Skill)

11. નીચે આપેલા વિષય પર આશરે **200** શબ્દોમાં નિબંધ લખો :(કોઈપણ **એક**) **1 × 8 = 8**

I. **સમયનું મહત્ત્વ :**

**મુદ્દા :** પ્રસ્તાવના – સમયનો સદુપયોગ – સમયનો દુરુપયોગ – સમયની કદર – આજની વાસ્તવિકતા – ઉપસંહાર

~

II. **મારાં શૈશવનાં સંસ્મરણો :**

**મુદ્દા :** પ્રસ્તાવના – વડીલોના વહાલનું પાત્ર- શૈશવની નિર્દોષ અને નિખાલસ દુનિયા – બાળમંદિરમાં – શાળાજીવનના સંસ્મરણો – ઉપસંહાર

III. **પ્રકૃતિનાં રમ્ય અને રૌદ્ર સ્વરૂપો :**

**મુદ્દા :** પ્રસ્તાવના – પ્રકૃતિનાં રમ્ય સ્વરૂપો : શરદ, વસંત, વર્ષા–પ્રકૃતિનાં રૌદ્ર સ્વરૂપોઃ ભૂકંપ, વાવાઝોડું, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ – ઉપસંહાર

12. તમારી શાળામાં ઉજવાયેલ શિક્ષક દિનનો અહેવાલ આશરે **100** શબ્દોમાં લખો. **1 × 5 = 5**

**અથવા**

તમારી શાળામાં યોજાયેલા રમતોત્સવનો આશરે **100** શબ્દોમાં અહેવાલ લખો.

13. તમારા વિસ્તારમાં ફેલાયેલી ગંદકી દૂર કરવા માટેનાં યોગ્ય પગલાં લેવા મ્યુનિસિપલ કૉર્પોરેશનના અધિકારીને પત્ર લખો. **1 × 5 = 5**

**અથવા**

તમારા વિસ્તારમાં ચોમાસા દરમ્યાન ઠેરઠેર રસ્તાઓ તૂટી ગયા છે તેના સમારકામ માટે નગરપાલિકા પ્રમુખને પત્ર લખો.